જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૨/૨૦૧૭ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૮/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૨ કેસ કરી, ૧૩ વ્યક્તિઓને ઝડપી, ૪૪ લીટર દેશી દારૂ, ૩૯૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૪૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૦૨ મોટર સાયકલ, ૦૧ ઓટોરીક્ષા અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૩૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૨૨૦/૧૭

**નિકોલ** : વસંતભાઇ નારાયણભાઇ પંચાલ (ઉ.વ.૫૬)(રહે.નિશાંત બંગ્લોઝ, જય શુકન ટેનામેન્ટની સામે નિકોલ) એ તા.૩૧/૧/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૦૯ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપણ જયશ્રીગીરી (આશરે ઉ.વ.૪૦)(રહે,મુક્તેશ્વર મહાદેવના મહંત તા-વડગામ જી-બનાસકાંઠા) એ વસંતભાઇને પોતાના ધર્મનાં ભાઇ બનાવી વિશ્વાસમાં લઇ, વસંતભાઇની આઈ ૨૦ ગાડી નંબર જીજે.૧.એચ.એસ.૯૦૩૭ કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૦,૦૦,૦૦૦/- મતા મેળવી લઇ પરત નહીં કરી, વસંતભાઇ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ ઈ.પો.ઇન્સ.શ્રી પી.આઈ.સોલંકી ચલાવે છે.

## ઘરફોડ ચોરીઃ- સમાચાર યાદી નં.૨૨૧/૧૭

**અમરાઇવાડી** : ભંવરલાલ ધંજીભાઈ સોની (રહે, ગુ.હા.બો. હાટકેશ્વર સર્કલ પાસે, અમરાઈવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧/૧૭ રાતના ૯/૩૦ થી ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન હાટકેશ્વર સમ્રાટ શોપીંગ સેન્ટર ખાતે આવેલ પોતાની ચામુંડા જ્વેલર્સ નામની દુકાનનાં ઉપરના ભાગે સાઇડની દિવાલ તોડી, બાકોરૂ પાડી, લોખંડની પ્લેટ કાપી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી ચાંદીની ઘુઘરી તથા તાર તેમજ સોનાનું ડોકીયુ મળી કુલ રૂપિયા ૭૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી એમ.જી.સોલંકી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઇસનપુર** : સમીમબાનુ W/O સદીક્ભાઇ બાગબાન (ઉ.વ.૫૯)(રહે.ઇન્દીરાનગર આલીશાન સ્કુલની પાસે, **બોમ્બે હોટલની પાછળ ઇસનપુર)** એ તા.૩૧/૧/૧૭ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૧/૧૭ બપોરના ૩/૦૦ થી તા.૩૧/૧/૧૭ નાં કલાક ૧૨/૨૫ વાગ્યા દરમ્યાન પોતાનાં ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા ગેસના બાટલા નંગ-૨ તથા સગડી અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૫૯,૭૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.ડી.વૈષ્યક ચલાવે છે

**વાહન ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૨/૧૭**

**રામોલ** : મુકેશભાઈ રામભાઈ પટેલ (રહે,કર્ણાવતી સ્કુલ માધવ સ્કુલની બાજુમાં નિંરાત ચાર રસ્તા વસ્ત્રાલ) એ તા.૩૧/૧/૧૭ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧/૧૭ રાતના ૯/૩૦ વાગ્યાનાં સુમારે જશોદાનગર સર્વિસ રોડ ઉપર આવેલ પોતાનાં ભગવતી મોટર્સ નામના ગેરેજ નજીક પોતાની સેન્ટ્રો ગાડી નંબર જીજે.૦૧.એચ.એફ.૭૮૮૧ કિંમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- પાર્ક કરી હતી.જે કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી પી.ડી.સોલંકી ચલાવે છે

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૨૨૩/૧૭**

**"જે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** મહંમદસલીમ બદરૂભાઇ શેખ (રહે,સીમા રો-હાઉસ, ઠાકોર વાસ, નારોલ) એ "જે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૦૧/૧૭ સાંજના ૬/૫૦ વાગ્યાના સુમારે આરોપીએ પોતાની રીક્ષા નંબર જીજે.૯.એક્સ.૮૬૧૭ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવતાં, રીક્ષા ચંડોળા તળાવ પાસે, એચ.પી.પેટ્રોલપંપ સામે પલટી ખાઇ જતાં, રીક્ષામાં બેસેલ મહંમદસલીમનો દિકરો મહંમદસમીર (ઉ.વ.૯) ને શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેને એલ.જી. હોસ્પીટલમાં દાખલ કર્યો હતો જ્યાં સારવાર દરમ્યાન સાંજનાં ૭/૨૦ વાગે મહંમદસમીરનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ ઇન્ચાર્જ પો.ઈ.શ્રી એમ.બી.ગાવિત ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪/૧૭**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** નિરવ કમલેશભાઇ પટેલ (ઉ.વ.૨૦)(રહે,સ્વામી નારાયણ પાર્ક વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૩૧/૧/૧૭ સાંજના ૬/૧૫ વાગ્યા પહેલા કોઇ પણ સમયે રેમ્પ નં-૦૬ સિડી નં-૩૧ પાસે સાબરમતી નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી વિનાયક લક્ષ્મણ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)